જ્યારે આપણે કોઇ શુભ કામ કરવાનો સંકલ્પ મનમાં કરીએ ત્યારથી આપણો શુભ સમય શરૂ થઇ જાય છે
- જાપાની કહેવત


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૭૩ | ૩ સપ્ટેમ્બર, ૨૦૧૩, મંગળવાર; શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




ૐ નમઃ શિવાય - શ્રાવણના અંતિમ સોમવારે ગાંધીનગર શહેર અને જિલ્લાના શિવાલયો ભાવિકોથી છલકાયા હતા. ભગવાન શિવજીને રાજી કરવા વહેલી સવારથી ભાવિકો બીલીપત્ર અર્પણ કરવા તો ક્યાંક લઘુરૂદ્ર દ્વારા શિવપૂજાથી શિવાલયો ગાજતા રહ્યા.... ભગવાન શીવલીંગની આસપાસ ફૂલોની રંગોળી દ્વારા નયનરમ્ય માહોલ ઉભો કરાયો હતો. તો પૌરાણિક મંદિરોમાં વહેલી સવારથી ભાવિકો ૐ નમઃ શિવાયની ધૂન સાથે કતારબંધ ઉભા રહ્યા હતા. નગરના એક શિવાલયમાં ઘીના મહાદેવ તો એક શિવાલયમાં બરફના શિવલીંગનું નિર્માણ કરી પવિત્ર માહોલ સર્જ્યો હતો. મોડીસાંજ સુધી મંદિરોમાં ભજન-ધૂનની જમાવટ થઈ હતી. (તસવીર : દિપક જાની)

# વિધાનસભાનું ૩૦મીથી ત્રિદિવસીય વર્ષાસત્ર

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું ટુંકુ સત્ર આગામી ૩૦મી સપ્ટેમ્બરથી શરૂ થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રી દ્વારા વિધાનસભા સત્રનું આજે આહવાન કરી દેવામાં આવ્યું છે. આગામી ૩૦મી સપ્ટેમ્બરથી ત્રણ દિવસ માટે સત્ર મળશે. બીજી ઓક્ટોબરના રોજ જાહેર રજા છે આથી સત્ર તા. ૩૦, ૧લી અને ત્રીજી એમ ત્રણ દિવસ જ મળનારૂ છે.

ત્રણ દિવસ ચાલનારા આ સત્રમાં સરકાર ચાર થી પાંચ જેટલા સરકારી વિધેયકો રજુ કરનાર છે. આ ઉપરાંત ગત વિધાનસભા સત્રમાં પસાર કરવામાં આવેલા અને રાજ્યપાલશ્રી દ્વારા પુનઃ વિચારણા માટે પરત કરેલ ત્રણ વિધેયકો પણ આ સત્રમાં રાજ્ય સરકાર પુનઃ લાવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. વિધાનસભા સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભાના ટૂંકા સત્ર માટે આહ્‌વાન કરી દેવામાં આવ્યું છે. જો કે ત્રણ દિવસ ચાલનારા આ સત્રમાં શું શું કામગીરી હાથ પર લેવી એ અંગે કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળ્યા બાદ આ અંગેનો વિધિવત કાર્યક્રમ વિધાનસભા સચિવાલય દ્વારા બહાર પાડવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિધાનસભાનું ચોમાસુ સત્ર લાંબુ બોલાવવા માટે વિપક્ષ કોંગ્રેસ દ્વારા અગાઉ વિધાનસભા અધ્યક્ષ અને રાજ્યપાલશ્રીને આવેદન પત્ર આપીને સત્ર લાંબુ બોલાવવાની માંગણી કરી હતી.

ત્રણ દિવસના ટૂંકા સત્રમાં રાજ્ય સરકારને વિવિધ મુદ્દે ભીંસમાં લેવા વિપક્ષ આક્રમક વ્યુહરચના ઘડશે.

# લોકાયુક્ત વિધેયક પરત મોકલતા રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૨

લોકાયુક્ત અંગે રાજ્ય સરકારે જે બિલ વિધાનસભામાં રજુ કરી મંજૂર કર્યું હતું તે આજે રાજ્યના રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલે રાજ્ય સરકારને પરત મોકલતાં લોકાયુક્તના વિવાદનો નવો વળાંક આવ્યો છે.

ગુજરાતમાં લોકાયુક્તની નિયુક્તી અંગે રાજ્ય સરકારે વિધાનસભામાં સુધારા વિધેયક પસાર કર્યું હતું. જેમાં લોકાયુક્તની નિમણુંકની પ્રક્રિયા, પસંદગી સહિતની ઘણી બધી બાબતોમાં આમુલ પરિવર્તન સૂચવ્યું હતું.

આ વિધેયકની પુન્ન વિચારણાને અંતે રાજ્યના રાજ્યપાલશ્રીએ તે પરત મોકલ્યું છે. રાજ્ય સરકાર પુનઃ આ બિલ વિધાનસભાના સત્રમાં રજુ કરે તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે નામદાર રાજ્યપાલશ્રીએ વિધેયકની જોગવાઈઓ સાથે અસંમતિ દર્શાવી અને તે અંગેના કારણો પણ બતાવી આ વિધેયક પરત કર્યુ છે. આજે સાંજે આ વિધેયક રાજ્ય સરકારને પરત મોકલી દેવામાં આવ્યું છે.

બીજી તરફ રાજ્ય સરકાર હાલ વિધાનસભાનું જે સત્ર ૩૦ સપ્ટેમ્બરથી શરૂ થવાનું છે તેમાં ૪ જેટલા વિધેયકો રજુ કરવાનું વિચારી રહેલ છે જેમાં બે સુધારા વિધેયક છે. જો કે રાજ્ય સરકારના સંસદીય બાબતોનો વિભાગ સંપૂર્ણ મૌન છે.

લોકાયુક્તની નિમણુંક અંગેનો વિવાદ હજુ શમ્યો નથી. જસ્ટીસ આર.એ. મહેતાની નિમણુંક કરાયા બાદ શરૂ થયેલો વિવાદ હજુ શમવાનું નામ લેતો નથી. જસ્ટીસ મહેતાએ આ પદ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે હવે રાજ્યપાલશ્રીએ પણ સરકારે મંજૂર કરાયેલ બિલ પરત મોકલવામાં આવ્યું છે.






# આસારામના આશ્રમોની સરકારે વિગતો માંગી

## સુરતના જહાંગીરપુરાના કેસમાં ૧૮.૩૦ કરોડ ભરવા કલેક્ટરે નોટીસ પાઠવી

ગાંધીનગર, તા. ૨

જોધપુરમાં બાળા સાથે અભદ્ર વ્યવહાર બદલ હાલ જેલમાં ગયેલા આસારામ બાપુના ગુજરાત સ્થિત તમામ આશ્રમોની વિગતો માંગી સરકારી જમીન ઉપર થયેલા દબાણો ચકાસવા પણ જણાવવામાં આવ્યું છે. સરકારે તમામ જિલ્લા કલેક્ટરોને આદેશ કર્યા છે.



સુરતના જહાંગીરપુરાના આશ્રમમાં સરકારી જમીન ઉપર થયેલા દબાણોના મુદ્દે સુરત જિલ્લા કલેકટરે આસારામ આશ્રમને ૧૮.૩૦ કરોડ રૂપિયા ભરવાની નોટીસ આપી છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદના સાબરમતી આશ્રમમાં સરકારી જમીન ઉપર થયેલા દબાપણો થોડાં વર્ષો પહેલાં સરકારે દૂર કર્યા હતા.

આસારામ બાપુ સામે થયેલી કાર્યવાહીના મિશ્ર પ્રત્યાઘાત પડી રહ્યા છે. ખાસ કરીને દેશભરમાં તેમની સામે આક્રોશનો માહોલ જોવા મળે છે. મજબુત પૂરાવા સાથે રાજસ્થાન પોલીસે તેમની તપાસ કરી ૧૪ દિવસની કસ્ટડીમાં મોકલી આપ્યા છે ત્યારે ગુજરાત સરકારે આજે અચાનક આસારામ આશ્રમની વિગતો માંગી છે. સુરતના કલેક્ટરે તો પગલાં પણ લઈ લીધાં છે.

ગુજરાતમાં અમદાવાદ, સુરત સહિત ઘણી જગ્યાએ આસારામના આશ્રમ આવેલા છે. આ આશ્રમોમાં કોઈ સરકારી જમીન ઉપર દબાણ થયું હોય તો તે તપાસીને સરકારને અહેવાલ આપવા આદેશમાં જણાવવામાં આવ્યું છે. રાજસ્થાનની કોંગ્રેસ સરકારના બોલ્ડ નિર્ણય પછી ગુજરાત સરકારે પણ આસારામના કરતૂતો બહાર લાવવાનું નક્કી કર્યું હોય તેમ આ પ્રકારના આદેશથી લાગી રહ્યું છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદન પછી ભાજપના પ્રદેશ નેતાઓ અને કાર્યકરો આસારામની વિરુદ્ધમાં ફેસબુક ઉપર એક્ટિવ બની ચૂક્યાં છે. એ પહેલાં ઉમા ભારતી અને પ્રવિણ તોગડિયા જેવા નેતાઓએ આસારામનો બચાવ કર્યો હતો. પરંતુ જોધપુર પોલીસની કડક કાર્યવાહી જોતાં અને ધરપકડ સુધીના પગલાંને અનુસંધાને ગુજરાત ભાજપે આસારામથી અંતર રાખવાનું શરૂ કરી દીધું છે.

















